પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 12-11-2026 **Evening: 7.10 TO 7.20**

Day : Thursday **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****

1. ભગવાન બિરસા મુંડાની 151-મી જન્મજયંતી નિમિત્તે રાજ્યભરમાં આજથી રાષ્ટ્રીય જનજાતીય ગૌરવ દિવસની ઉજવણીનો પ્રારંભ - આવતીકાલે 14 આદિજાતિ જિલ્લામાં યુવાસભાનું આયોજન.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 14 નવેમ્બરે શક્તિપીઠ અંબાજી મંદિરમાં દર્શન કરશે - નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તંત્રની તૈયારીઓની સમીક્ષા કરી.
3. સોશિયલ મીડિયા પર ફરતી ખોટી લિન્કથી સાવચેત રહેવા સાયબર ગુનાશાખાની અપીલ.
4. રાજ્યમાં આગામી સાત દિવસ ઠંડી શરૂ થવાની શક્યતા નહીંવત્.
5. 19 વર્ષથી ઓછા વયજૂથના એશિયા ક્રિકેટ કપની સેમિફાઈનલમાં અફઘાનિસ્તાનને હરાવી ભારત ફાઈનલમાં પહોંચ્યું.

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

BHAGVAN BIRSA MUNDA JANMAJAYANTI

ભગવાન બિરસા મુંડાની 151-મી જન્મજયંતી નિમિત્તે રાજ્યભરમાં આજથી રાષ્ટ્રીય જનજાતીય ગૌરવ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો. તે અંતર્ગત સરકાર દ્વારા આગામી 18 તારીખ સુધી રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમ યોજાશે. ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતા આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે કહ્યું , આવતીકાલે 14 આદિજાતિ જિલ્લામાં યોજાનારી યુવાસભામાં 500 યુવાનો સાથે સંવાદ કરાશે. જ્યારે આગામી 15 નવેમ્બરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના મંત્રીઓની ઉપસ્થિતિમાં જનજાતીય દિવસની ઉજવણી કરાશે. તે અંતર્ગત બે હજાર 300 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાશે. સાથે જ આદિવાસી સમાજના પરિવારોને જમીનના અધિકારપત્રો એનાયત કરાશે.

(BYTE: NARESH PATEL, TRIBAL DEVELOPMENT MINISTER)

આદિવાસી સમાજની જે લાગણી અને માંગણી હતી એ પ્રમાણે આ વખતે 15 નવેમ્બરે 18,828 થી પણ વધારે લોકોને આપણે અધિકારપત્ર આપીશું. પણ એમાં સાતબારની અંદર નોંધ પણ પડેલી હશે એવી ચોક્કસ કામગીરી કરીને ખેડૂતોને એ અધિકારપત્ર આપીશું. અમારા આદિવાસી વિભાગે જ્યાં જ્યાં અમારા હાટ બજારો છે અને ભવિષ્યમાં બનવાના છે, ત્યાં મા શબરીના નામથી શબરી બૂથ શરૂ કરવામાં આવશે. અનેક પ્રકારની યોજનાઓની વિશે જાણકારી મળશે, અનેક પ્રકારની ત્યાં સ્ટોલ અને દુકાનો હશે. એ પ્રાકૃતિક ખેતીની હશે, એ ખાનપાનની પણ હશે.

આ પત્રકાર પરિષદમાં આદિજાતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષ ગણપત વસાવાએ કહ્યું, ભગવાન બિરસા મુંડાજીનો સંદેશ રાજ્યના જનજન સુધી પહોંચાડાશે.

(BYTE: GANPAT VASAVA, STATE PRESIDENT, ADIJATI MORCHA)

ભગવાન બિરસા મુંડાજી કે જેમણે આદિવાસી સમાજને સંગઠિત કરીને સૂત્ર આપ્યું કે આપણી જમીન આપણું રાજ. જનજાતિ ગૌરવ દિવસ માત્ર એક દિવસ માટે નહીં પરંતુ ગુજરાતમાં 12 તારીખથી લઈને 18 તારીખ સુધી કાર્યક્રમો ચાલવા જોઈએ અને સમગ્ર ગુજરાત રાજ્યના 34 જિલ્લાઓ, 17 મહાનગરપાલિકાઓ અને 14 જિલ્લામાં સમાવેશ થતી 55 જેટલી વિધાનસભામાં અનેક કાર્યક્રમો થશે.

JANJATIYA GAURAV SAPTAH OVERALL

ભગવાન બિરસા મુંડાની 151-મી જન્મજયંતી નિમિત્તે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાયા . અરવલ્લી જિલ્લામાં પણ યુવા , મહિલા અને પ્રબુદ્ધ નાગરિક સંમેલન સહિત એકલવ્ય મૉડેલ સ્કૂલનું લોકાર્પણ અને ભૂમિપૂજન કરાશે. આ અંગે સાંસદ શોભનાબેન બારૈયાએ વધુ માહિતી આપી.

(BYTE: SHOBHNA BARAIYA, MP)

*૧૩મી નવેમ્બરના રોજ શામળાજી , મોડાસા અને બાયડ ખાતે યુવા સંમેલન **કાર્યક્રમો** યોજાશે. ૧૪મી નવેમ્બરના રોજ મહાનુભાવો અને આદિવાસી મહાનાયકોની પ્રતિમાઓની સ્વચ્છતા , પૂજન, દીપ પ્રાગટ્ય, ભજન અને સ્વચ્છતાના **કાર્યક્રમો** યોજાશે. ૧૬મી નવેમ્બરના રોજ ભિલોડાની ખાતે પ્રબુદ્ધ નાગરિક સંમેલન , ૧૭મી નવેમ્બરના રોજ ભિલોડા , મોડાસા અને બાયડ ખાતે પરંપરાગત રમતોનું આયોજન કરવામાં આવશે. ૧૮મી નવેમ્બરના રોજ મેઘરજ, મોડાસા અને બાયડ ખાતે મહિલા સંમેલન યોજાશે. ૧૩મી નવેમ્બરના રોજ શામળાજી, મોડાસા અને બાયડ ખાતે યુવા સંમેલન **કાર્યક્રમો** યોજાશે. ૧૪મી નવેમ્બરના રોજ મહાનુભાવો અને આદિવાસી મહાનાયકોની પ્રતિમાઓની સ્વચ્છતા , પૂજન, દીપ પ્રાગટ્ય, ભજન અને સ્વચ્છતાના **કાર્યક્રમો** યોજાશે. ૧૬મી નવેમ્બરના રોજ ભિલોડાની ખાતે પ્રબુદ્ધ નાગરિક સંમેલન , ૧૭મી નવેમ્બરના રોજ ભિલોડા, મોડાસા અને બાયડ ખાતે પરંપરાગત રમતોનું આયોજન કરવામાં આવશે. ૧૮મી નવેમ્બરના રોજ મેઘરજ, મોડાસા અને બાયડ ખાતે મહિલા સંમેલન યોજાશે.*

છોટાઉદેપુર જિલ્લામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી થશે. ઉપરાંત જામનગર માં જામજોધપુર તાલુકામાં જિલ્લાકક્ષાના અને જામનગરના ટાઉનહોલ ખાતે શહેરકક્ષા નો 'જનજાતીય ગૌરવ દિવસ ' ઉજ વાશે. કાર્યક્રમ અંતર્ગત લાલપુર ચોકડી પાસે 6 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર થનારા સરકારી આદિજાતિ કુમાર છાત્રાલયનું ખાતમુહૂર્ત કરાશે.

ગાંધીનગરમાં ટાઉન હોલ ખાતે , કચ્છના ભુજમાં, ભાવનગરમાં યશવંતરાય નાટ્યગૃહ ખાતે અને મહેસાણાના કમળાબા હોલ , સાર્વજનિક વિદ્યાલય ખાતે જિલ્લાકક્ષા ની ઉજવણી કરાશે. વાવ-થરાદ જિલ્લામાં વિકસિત ભારત 2047ના સંકલ્પ સાથે 15 તારીખે દૂધ શીત કેન્દ્ર થરાદ ખાતે 'જનજાતીય ગૌરવ સમારંભ' યોજાશે.

ઉલ્લેખનીય છે કે, આ સમગ્ર આયોજનનો હેતુ ભગવાન બિરસા મુંડાના ઐતિહાસિક યોગદાનને યાદ કરવા તેમજ આદિવાસી સમાજની સંસ્કૃતિ , પરંપરા અને ગૌરવપૂર્ણ વારસાને નવી પેઢી સુધી પહોંચાડવાનો છે.

BK DYCM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 14 નવેમ્બરે શક્તિપીઠ અંબાજી મંદિરમાં દર્શનાર્થે આવશે. પ્રધાનમંત્રીના કાર્યક્રમને લઈ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે અંબાજીની મુલાકાત લીધી. તેમણે વહીવટી તંત્ર પાસેથી પ્રધાનમંત્રીના કાર્યક્રમની માહિતી મેળવી તૈયારીઓની સમીક્ષા કરી હતી.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ 14મી તારીખે માં અંબાના દર્શન અર્થે અંબાજી ખાતે પધારી રહ્યા છે. વ્યવસ્થાઓ માટે અને સામાન્ય નાગરિકો અહીંયા હેરાન ન થાય કારણ કે ડેવલપમેન્ટનું ખૂબ મોટા પાયે કામ ચાલી રહ્યું છે , બીજા પાર્કિંગના કામો ચાલતા હોય તો એવા સમયે ભી દર્શનાર્થી અને પ્રધાનમંત્રીશ્રી આ બધી જ વ્યવસ્થાઓ કઈ રીતે સંભાળવામાં આવે તે ખાસ કરીને રાજ્ય સરકારનો આગ્રહ છે અને એક પ્રયાસ છે.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

AMD CYBER CRIME

અમદાવાદ સાયબર ગુનાશાખાએ સોશિયલ મીડિયા પર "પ્રધાનમંત્રીઃ દિવાળી નિમિત્તે રૂપિયા 8 ,000 રોકડ સહાય "ના નામે ફરતી ખોટી લિન્કથી સૌને સાવચેત રહેવા જણાવ્યું છે. સોશિયલ મીડિયા મંચ પર ફરતી ખોટી લિન્ક પર ક્લિક ન કરવા કે જોખમી એપીકે જેવી એપ્લિકેશન ડાઉનલોડ ન કરવા લોકોને અપીલ કરવામાં આવી છે. અમદાવાદમાં પત્રકાર પરિષદને સંબોધતાં સાયબર ક્રાઈમનાં ડીસીપી ડૉક્ટર લવિના સિન્હાએ વધુ માહિતી આપી.

(BYTE: DR. LAVINA SINHA, DCP, CYBER CRIME)

પીએમ યોજના અને દિવાળી બોનસના નામે એક મેસેજ સર્કયુલેટ થઈ રહ્યો છે. જેમાં 8000 રૂપિયાનો બોનસ લોકોને દિયા જઈ રહ્યો છે. ઉસ મેસેજ મેં એક લિંક દી હૈ , વો લિંક ક્લિક કરને પે એપીકે ફાઇલ ડાઉનલોડ હોતી હૈ , આપકો અપના બેંકિંગ ક્રેડેન્શિયલ્સ ઔર આપકા સિસ્ટમ હૈક હો સકતા હૈ, વૉટ્સએપ હૈક હો સકતા હૈ. કોઈ ભી એસી લિંક પે યા કોઈ ભી સ્કીમ મેસેજ , યોજના, કોઈ કમ્પેન્સેશન મિલ રહા હો તો લિંક પે ક્લિક કરકે આપ ઉસપે કોઈ ઓફિશિયલી દર્જ ના કરે ઔર યદિ ભૂલ કે અપને એસે કોઈ મેસેજ પે ક્લિક કર દિયા યા લિંક પે ક્લિક કર દિયા તો તુરંત 1930 ડાયલ કરે ઔર યા તો ફિર અપને નઝદીક કે પોલીસ સ્ટેશન મે જાકે સંપર્ક કરે ઔર અપની કમ્પ્લેન દર્જ કરે.

.....

STATE WEATHER UPDATE

રાજ્યમાં આગામી સાત દિવસ ઠંડી શરૂ થવાની કોઈ શક્યતા ન થી. હાલમાં ઉત્તર ભારત તરફથી આવતા પવનના કારણે રાજ્યમાં બપોરે ગરમી તથા સવારે અને રાત્રે ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે . આ અંગે હવામાન વિભાગ અમદાવાદના પ્રાદેશિક નિયામક ડોક્ટર એ. કે. દાસે વધુ માહિતી આપી.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)

आज का जो फोरकास्ट है, आने वाला अगले सात दिन के लिए, 12 से लेकर 19 नवंबर सुबह 8:30 बजे तक, इसमें मौसम आमतौर पर शुष्क रहने का पूर्वानुमान दिया गया है, और जो न्यूनतम तापमान है, इसमें कोई बड़ा हुआ बदलाव नहीं रहेगा। तो टूट क्षेत्रों में हमारा जो विंड है, पवन का जो डायरेक्शन रहेगा, तो पश्चिम से उत्तर अतिशय से पवन चलने की स्थिति बने रहेंगे, जो स्पीड रहेगा, 15 से 20 नोट तक रहने का पूर्वानुमान दिया गया है।

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ગત 24 કલાકમાં સૌથી ઓછું 16.5 ડિગ્રી સેલ્સિયસ તાપમાન અમરેલીમાં નોંધાયું.

DHOLERA AMD ACCIDENT

ધોલેરા – અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર સર્જાયેલા માર્ગ અકસ્માતમાં બે લોકોના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ જણાવે છે , પીપળી ગામ પાસે એક કારચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર પલટી જતા આ દુર્ઘટના સર્જાઈ. તેમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે , જ્યારે બીજા એક વ્યક્તિનું હૉસ્પિટલ લઈ જતી વખતે મોત નીપજ્યું. તો , ચાર ઈજાગ્રસ્તોને 108 એમ્બુલેન્સ મારફતે ભાવનગરની હૉસ્પિટલમાં ખસેડાયા. આ અંગે ધોલેરા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.તમામ મૃતક અમદાવાદના જમાલપુર વિસ્તારમાં રહેતા હોવાનું જણાયું.

EVE UNDER 19 CRICKET

19 વર્ષથી ઓછા વયજૂથના એશિયા ક્રિકેટ કપમાં આજે બીજી સેમિફાઈનલમાં અફઘાનિસ્તાનને હરાવી ભારતીય ટીમ ફાઈનલમાં પહોંચી. ઓમાનમાં રમાયેલી મેચમાં અફઘાનિસ્તાને પહેલા બેટિંગ કરી નિર્ધારિત 50 ઓવરમાં આઠ વિકેટ ગુમાવી 227 રન બનાવ્યા. ટીમ તરફથી નોમન સાલારઝાઈ અને શાહ ફૈઝલ રહિમી બંનેએ 51-51 રન બનાવ્યા. તો , ભારત તરફથી ઈશાન સુદે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી. ઉપરાંત આર્યન સાવસાનીએ બે તથા કાવ્ય પટેલ અને યશવર્ધન ચૌહાણે એક-એક વિકેટ ઝડપી હતી.

જ્યારે ભારતીય ટીમે 36 ઓવર પાંચ બોલમાં બે વિકેટ ગુમાવી 230 રન કરી મેચ જીતી લીધી. ટીમ તરફથી ઓપનર બેટ્સમેન સુકાની લક્ષ્ય રાયચંદાણીએ સૌથી વધુ 93 રન બનાવ્યા. જ્યારે વી. કે. વિનીથે અણનમ 57 અને આર્યવીર સેહવાગે 51 રનનું યોગદાન આપ્યું.

PANCHAMRUT DAIRY BHAV VADHARO

પંચામૃત ડેરી દ્વારા દૂધના પ્રતિકિલો ફૅટના ભાવમાં 20 રૂપિયાનો વધારો કરાયો. આગામી 21 તારીખથી મહીસાગર , દાહોદ અને પંચમહાલના પશુપાલકોને આ ભાવવધારાનો લાભ મળશે. પંચામૃત ડેરીના અધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ દ્વારા કરાયેલા આ નિર્ણય મુજબ પશુપાલકોને હવે પ્રતિકિલો ફૅટના 905 રૂપિયા મળશે.